

રમેશ ઠક્કર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ઝૂકવા મન એટલે તૈયાર છે.
ઝીલવાનો ક્યાં પછી પડકાર છે?
બે-ઘડી મળવાનો બસ વહેવાર છે,
ફૂલ-ઝાકળના અલગ સંસ્કાર છે.
દઇ દીધાની નોંધ એ રાખે નહીં,
આ હૃદય તો એવું શાહુકાર છે.
હું મને એની નજરથી જોઉં છું,
એ રીતે મારો થયો વિસ્તાર છે.
પ્રશ્નને ક્યારેય અવગણતી નથી,
એટલે તો જિંદગી કસદાર છે.
ભલભલાની આંખ આંજી નાંખતા,
ઝાંઝવા પણ કેવાં પાણીદાર છે.

લક્ષ્મી ડોબરિયા.

## પાથેય

# જીવનનો અર્ક

આજનું જગત વૈવિધ્યસભર જરૂર છે.એમાં અનેકવિધ શક્યતાઓ ખડી થઈ છે.અવનવા ઐશ્વર્યા ખડાં થતાં જાય છે.જ્ઞાનની રોજ રોજ નવી ક્ષિતિજો ખુલતી જાય છે.એ બધાની વચ્ચે પણ આજનો માણસ સતત એકવિધતા અનુભવે છે એ પણ વાસ્તવિકતા છે.એક સમય હતોજ્યારે કહેવાતું કે બાર ગાઉએ બોલી બદલાય.દરેક પ્રદેશની અલગ અલગ લાક્ષણિકતાઓ હતી.અલગ નામો હતાં.અલગ સંસ્કૃતિ હતી.અલગ પહેરવેશ પણ જોવા મળતા.ખોરાક અને રહેણીકરણીમાં અપાર વૈવિધ્ય જોવા મળતું.

આખું જગત આજે એક મોટું ગામડું બની ગયું હોય એવું લાગે છે. અપાર સુખ સગવડો વચ્ચે આજનો માણસ એકલતા અનુભવે છે.આજની સદીની સૌથી મોટી કોઈ સમસ્યા હોય તો એ છે એકલવાયાપણું. મોટાં શહેરો અને નગરોમાં વિશાળ બંગલાઓ વચ્ચે એકલતાનાં વૃક્ષો લહેરાય છે. એની ઉપર ફક્ત કંટાળો અને બોરડમનાં ફળો આકાર પામે છે.જે છેવટે તો માણસને ભીતરથી એકલવાયો કરી જાય છે. માણસ પાસે મર્યાદિત સુખ સગવડો ખૂબ જ અલ્પમાત્રામાં ભૌતિક ચીજો હતી ત્યારે એ વધારે મોકળાશ અનુભવી શકતો હતો.આજે પારાવાર સુખસગવડોની વચ્ચે પણ એ ભયભીત છે.દરેક બાબતે અસલામતી અનુભવે છે. સતત બદલાતા રહેવું કે નવા નવા પડકારો ઝીલવા એ જ આમ તો જીવનનો અર્ક છે.અભાવો વચ્ચે માણસ સતત ગતિશીલ રહેતો.આજે એ જાણે ઠપ્પ થઈ ગયો હોય એવું લાગે છે. સ્થગિતતા શેતાન જેવી છે..સાતત્યના સહારે સફર ચાલુ રાખવી એ જ યોગ્ય અભિગમ ગણાય.સૂર્ય રોજ ઊગે છે,નદી નિરંતર વહે છે, ઝરણું નિત્ય નિનાદ કરે છે..સમય સરે છે..જીવન વહે છે..બધું જ ચલિત છે અને એટલે જ દુનિયા લલિત છે ! હિન્દી ફિલ્મનો પયગામ પણ કહે છે ‘જીવન ચલને કા નામ ચલતે રહો સુબ્હો શામ...’ જે માણસ અટકી જાય છે એ હંમેશાં લટકી જાય છે. અટકવું એટલે ભવાટવિમાં ભટકવું. જ્યારે જીવનનો સાર માણસને અનુભવાતો નથી ત્યારે એક વિચિત્ર પરિસ્થિતિમાં મુકાઈ જાય છે.જે માણસને જીવન જીવવાનો અભિગમ મળી જાય, એ જગતનો સૌથી સુખી માણસ હોય છે.સંકુચિતતા અને બંધિયાર માનસિકતા આપણી ગતિને અવરોધે છે..પરિણામે આપણે કોઈક વચગાળાનો વિરામ શોધી લઈએ છીએ.એક સરસ? વાક્ય વાંચવામાં આવેલું "જે ગાડી નાના નાના સ્ટેશનોએ ઊભી રહે છે,એ લક્ષ્ય પર મોડી પહોંચે છે !" આપણું નિશાન ઊંચુ હોય તો પણ નિરંતર ચાલવું જરૂરી પરિબળ છે. આપણાં સ્ખલનો મજબુરીઓ કે મુસીબતો,માર્ગદર્શક બની જાય છે.જો આપણે હવાની જેમ લ્હેરાતા રહીએ તો ?નિરભ્ર આકાશની જેમ વિસ્તરતા રહીએ તો ? અને મુક્ત વિહગની માફક સરકતા રહીએ તો?એક સાતત્ય અનુભવાશે.સતત અભિષેક એ જીવનનો સ્વાભાવિક લય છે.પીછેહઠ હંમેશાં પ્રલય હોય છે. આપણું જીવન ગતિશીલ બને તો જ જગત પ્રગતિશીલ બને,એવો સીધો સાદો હિસાબ સમજવામાં આખી જિંદગી સરી જતી હોય છે.!

# વર્ષ ૨૦૨૫ સુધીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું સોફટવેર માર્કેટ ૧૨૬ બિલિયન ડોલર ઉપર પહોંચી જશે

## જોન મેકકાર્થી જેટ સ્પીડે આગળ વધતા AI ના ભીષ્મ પિતામહ છે



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

લંચ બ્રેકના સમયે મોબાઈલ ઉપર સીસીડી, ડોમિનોઝ કે સ્વીગી જેવી એપમા કોફી અને સ્નેક્સના ઓર્ડર આપતી વખતે નવા વ્યંજનોના સૂચનો આપતા લીસ્ટ અને વીડિયો સેલફોનની સ્કીન ઉપર આવી જાય છે. બહાર જવા માટે ઓલા કે ઉબર એપ દ્વારા કાર બોલાવાય કે પછી કાર ડ્રાઈવ કરતાં ગુગલ મેપ લોકેશન સાથે રેસ્ટોરંન્ટના સજેશનો મળી જાય છે. આ બધુ શું છે ? આમ તો આજે આ બાબતો સામાન્ય લાગે પણ આ તમામ વાતના મૂળમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જ છે. આજના યુગમાં એઆઈ એટલે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અત્ર, તત્ર, સર્વત્ર બોલબાલા છે. આ ચર્ચા વાજબી પણ છે કારણ કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જીવનના ડગલે ને પગલે ઉપયોગમાં લેવાતી અભિન્ન બાબત બની ગઈ છે. વ્યક્તિના દિવસની પ્રત્યેક ક્ષણ એક યા બીજી રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને સ્પર્શે છે.

અમેરિકાના બોસ્ટન સ્ટેટના મેસેચ્યુસેટ્સમાં વર્ષ ૧૯૨૭માં જન્મેલા જોન મેકકાર્થી આર્ટિફિશિયલ ઈન્ટ્લિજન્સના ભીષ્મ પિતામહ કહેવાય છે. મેકકાર્થી મેથેમેટિક્સના ખેરખાં કહેવાય છે. મેકકાર્થીની બહુ મોટા મેથેમેટિશિયન ઉપરાંય કોમ્પ્યુટર વૈજ્ઞાનિક તરીકેની પણ આગવી ઓળખ છે. પ્રિસ્ટન યુનિર્વસીટીમાંથી એમણે મેથેમેટિક્સમાં ડોક્ટરેટ કર્યુ છે. મેકકાર્થીએ સ્ટેનફોર્મ યુનિવર્સિટીમાંથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લેબોરેટરીની સ્થાપના કરી હતી. વર્ષ ૧૯૯૫માં મેકકાર્થીએ સૌ પ્રથમ આર્ટિફિશલ ઈન્ટેલિજન્સ તરીકે પ્રયોજેલા શબ્દ અને તેનો આવિષ્કાર આજે જીવનની નક્કર વાસ્તવિકતા બની ગઈ છે.

આરોગ્યથી માંડીને શિક્ષણ, પર્યાવરણથી માંડીને જીવનની નાની મોટી તમામ જરૂરિયાતોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હમસફર બનીને માનવીની પડખે ખભેખભા મિલાવીને ઊભી છે. સ્ટેટિસ્ટાના સર્વે મુજબ આગામી વર્ષ ૨૦૨૫ સુધીમાં જગતભરમાં ૧૨૬ બિલિયન ડોલરનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું સોફટવેર માર્કેટ બનશે. ગાર્ટનરના અહેવાલો કહે છે કે, વિશ્વની ૩૭ ટકા ઉપરાંતની સંસ્થાઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને અપનાવેલું છે. આ ક્ષેત્રમાં છેલ્લા ચાર વર્ષમાં રોજગારી આપતા સાહસોની સંખ્યામાં ૨૭૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. સર્વિયન ગ્લોબલ સોલ્યુશન અનુસાર આગામી બે જ વર્ષમાં ૯૫ ટકા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કન્ઝ્યુમર ઈન્ટરેકશન ઉપર આધારિત હશે.





વ્યકિતગત ખરીદી, વર્ચ્યુઅલ ખરીદી, ફ્રોડ પ્રિવેન્શન, એડ્જ્યુકેશન, વહવટી કામગીરી, રોજબરોજના કાર્યો, વાહન ચલાવવા, ફેઈસ ડિટેકશન, નેવિગેશન વગેરે પાછળ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કાર્યને સરળ અને સહજ બનાવે છે. હવે મુળતઃ પ્રશ્ન એ થાય કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સમજવા માટે એના કેટલા અને કેવા સ્વરૂપો હોય છે. સાદી સમજ માટે નેરો જનરલ અને સુપર એમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ત્રણ પ્રકારોને જાણવા પડે.

મિશિગન સ્ટેટ યુનિવર્સિટીનાં સંશોધનકર્તા અને પ્રોફેસર એરેન્ડ હિન્ટઝે આર્ટિફીશનયલ ઈન્ટેલિજન્સને ચાર મુખ્ય ભાગોમાં વહેંચ્યા છે. જેમાં સૌથી પહેલાં છે રીએક્ટિવ મશીન. આમાં કોઈ મેમરી હોતી નથી. છતાં તે ચોક્કસ આદેશો મુજબ સચોટ રીતે કાર્ય કરે છે. આ પ્રકારમાં મશીન ડેટા લઈને તેના આધારે ભુતકાળની વિગતોનું આકલન કરીને સૂચનો કરે છે. આ પ્રકારના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં કસ્ટમાઈઝડ ભલામણો ઉપર સૂચનો અપાતા નથી. પરંતુ એ પણ એટલું જ સત્ય છે કે, રીએક્ટિવ મશીન અત્યંત ભરોસાપાત્ર જરૂર છે. નેટફ્લિક્સ ઉપર મુવી જોનારા લોકોને નેટફ્લિક્સ દ્વારા થતા સૂચનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો રીએક્ટિવ પ્રકાર છે.

બીજા પ્રકારમાં લિમિટેડ મેમરીનો ઉલ્લેખ પ્રોફેસર એરેન્ડે કર્યો છે. એમના કહેવા અનુસાર આ પ્રકારની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવીના મજગના ચેતાતંત્રના કોષના દ્વારા થતા કાર્યનું અનુકરણ થતું હોય છે. આ પ્રકાર રીએક્ટિવ મશીનના પ્રકાર કરતા વધુ એડવાન્સ અને વધુ સ્માર્ટ છે. લિમિટેડ મેમરી પ્રકારમાં ડેટા ઉપર ઊંડો અભ્યાસ થઈ શકે છે. ચોક્કસ બાબતો અથવા પરિસ્થિતિનું નિરિક્ષણ લિમિટેડ મેમરી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કરી શકે છે. તેના આધારે વર્તમાન ક્ષણને પ્રોગ્રામ કરી શકાય છે. ત્રીજો પ્રકાર થિયરી ઑફ માઈન્ડ છે. અત્યારે વિશ્વમાં રિએક્ટિવ મશીન અને લિમિટેડ મશીન એમ બે પ્રકારના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉપર કામ થઈ રહ્યું છે. થિયરી ઓફ માઈન્ડ આધારીત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉપર સંશોધન થઈ રહ્યું છે. એમ લાગી રહ્યું છે કે, આગામી સમયમાં થિયરી ઓફ માઈન્ડ આધારીત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહજ બનશે.

છેલ્લે વાત આવે છે સેલ્ફ અવેરનેસની. જેમાં માનવીની જેવી લાગણી, પ્રેમ, ક્રોધ, ઈર્શા વગરેને મશીન અનુભવી શકશે. યાદ છે, દક્ષિણની એક લોકપ્રિય ફિલ્મ ‘રોબોટ’ ? જેમાં રજનીકાંતના કેરેકટર દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગથી ટીક્ટીનું રોબોટિક કેરેકટર ઊભું કરાયું હતું. અને એમાં પ્રેમ, લાગણી, ક્રોધ, ઈર્શા વગેરે માનવીય સંવેદનાના તત્વોવાળી સેલ્ફ અવેરનેસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હતી. આના પરિણામે કેવી ભયંકર ખાનાખરાબી સર્જાઈ શકે છે એના ઉપર આ ફિલ્મે પ્રકાશ પાડ્યો હતો. જો કે આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સના આ પ્રકારથી હજુ જગતભરના વૈજ્ઞાનિકો ઘણા દૂર છે. આ દિશામાં પ્રયાસો જરૂર થઈ રહ્યા છે.

હવે મસમોટો સવાલ એ થાય કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડગલે ને પગલે માણસ જાતની પડખે હશે તો તેના દરેક કામ ઘણા આસાન જરૂર થઈ જશે. પરંતુ સાથો સાથ એના ભયસ્થાનો વિશે પણ ચોક્કસ વિચારવાનું રહેશે. મશીન પાસે માનવી જેવું મન તો કદાચ લાવી શકાશે પણ માણસની જેમ વિચાર કરવાની ક્ષમતા ક્યાંથી આવશે ? મશીન સારા-નરસાનો ભેદ કેવી રીતે પારખશે ? ખેર, આજે તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિશ્વને ધરમૂળથી બદલવાની દિશામાં રોકેટ ગતિએ આગળ વધી રહ્યું છે.

**ધબકાર :**

**મશીનો માનવી જેવા ક્ષમતાવાન બને તે ઇચ્છનીય પરંતુ માનવી મશીન જેવા ન બને તે વધુ આવકાર્ય.**

# એ હા, હો ઝાડને ફ્રેન્ડશીપ બેલ્ટું બંધાય હો... અને ગાય હારે સેલ્ફિયું ય લેવાય હો કે....



વિચારયાત્રા
ડો. જય ઓઝા

**ઊડી જાઓ પંખી પાંખુંવાળા....જી વડલો કહે છે,**
**"વનરાયું સળગી**
**મૂકી દિયો જૂના માળા - ઊડી જાઓ."**
**આભે અડિયાં સેન અગનનાં, ધકિયાં આ દરહશ ઢાળા જી,**
**આ ઘડીએ ચડી ચોટ અમોને, ઝડપી લેશે જ્વાળા**
**બોલ તમારા હૈડામાં બેઠા, રૂડા ને રસવાળા જી**
**કોક દિ આવી ટૌકી જાજો, મારી રાખ ઉપર રૂપાળાં**
**પ્રેમી પંખીડા પાછા નઈ મળીએ, આ વનમાં વિગતાળા જી**
**પડદા મોતના પડિયા, તે પર જડિયાં તાળાં**
**આશરે તારે ઈંડા ઉછેર્યાં ફળ ખાધાં રસવાળા જી;**
**મરવા વખતે સાથ છોડી દે એ મોઢા મશવાળા**
**ભેળા મરશું, ભેળા જનમશું, તારે માથે કરશું માળા**
**‘કાગ’ કે આપણે ભેગા બળશું, ભેળાં ભરશું ઉચાળા”**
**- દુલા ભાયા કાગ**

આ કવિતા ૨૦૦૬માં વર્ગમાં ભણાવતી વખતે આંખોમાં ઝળઝળિયાં આવી ગયા હતા. ધન્ય છે આવા સંવેદનશીલ અને લાગણીભીના કવિને ! ઘટાટોપ વડ અને પક્ષીઓની મિત્રતાનું અને તેમની વચ્ચેના સંવાદનું જે ચિત્ર અહીં કાગબાપુએ ઉપસાવ્યું છે, તે હજારો પાનાના દોસ્તીના ગ્રંથ કરતા અને ગ્લોબલ વોર્મિંગની સેંકડો યોજનાઓ કરતા ક્યાંય ચડિયાતું છે. આજે જ્યારે આપણે હવે નવેસરથી ચિંતન કરવાનો સમય પાકી ગયો છે, ત્યારે આ અમર રચના આપણને મિત્રતાની પરિભાષા અને પ્રકૃતિની પૂજા આ બંનેની ઊંડી સમજ આપી શકે તેમ છે.

મૈત્રી. દોસ્તી. આ બંને શબ્દો પછી જાણી જોઈને પૂર્ણવિરામ મૂક્યું છે. કારણ કે આ બંને શબ્દો સ્વયં પોતાના સંદર્ભમાં આખે આખા નિબંધ છે. પુસ્તકો છે. મહાકાવ્યો છે. મહાનવલ છે. બસ મિત્રતા કહી દો. મિત્ર કહી દો અને એ શબ્દ જ્યારે મહાનવલ બની જાય તે જ વ્યક્તિની સાચી છે મિત્રતાની ભાષા એ શબ્દો નથી પરંતુ અર્થ છે. આપણે જેવા છીએ તેવા યથાતથ સ્વીકારે, આપણને સમજે અને તે પણ આપણી નબળાઈ સાથે. આપણો વિકાસ થતો રહે તેની દરકાર કરતા રહે તે મિત્ર છે. મિત્ર એ આપણો પોતાનો એવો ખૂણો છે જ્યાં દુનિયાથી ભાગીને આપણે જઈ શકીએ છીએ અને પોતાને પામીને પાછા આવી શકીએ છીએ. મિત્રતાની અને મિત્રોની ઘણી વાતો આ બે-ત્રણ દિવસમાં સોશિયલ મીડિયા પર આપણને જ્ઞાન આપી ગઈ છે. અને આપણે પણ વ્યક્તિ મટીને દાર્શનિક બની જઈએ છીએ અને દોસ્તીના અવતરણ ફોરવર્ડ કરે રાખ્યા હશે.

આજે વાત મિત્રતાની જ કરવી છે. મિત્રની જ કરવી છે. પણ જરા અલગ દષ્ટિકોણથી. મૈત્રી કોની સાથે થાય ? વ્યક્તિની વ્યક્તિ સાથે મૈત્રી થાય તેવી આપણી સાદી સમજ છે. પુરુષ હોય કે સ્ત્રી પરંતુ મિત્રતા શબ્દ આવે એટલે આપણા મનમાં એક મનુષ્ય આકાર જ આકારિત થાય છે.

કોઈ દિવસ આપણને એવું સાંભળવા મળ્યું છે કે, ઘ-છ સર્કલથી પંચદેવ મંદિર જતા ગુરુકુળ શાળાના રસ્તે આવતું ગરમાળાનું એક વૃક્ષ મારું ખાસ દોસ્ત છે ! બચપણમાં જ્યારે હું તે રસ્તે શાળાએ જતો ત્યારે તે ગરમાળાનું વૃક્ષ નાનકડો છોડ હતું. અને હું નાનો બાળ હતો. ત્યારથી અમે નિરંતર મળતા રહ્યા છીએ. અમે ગાઢ મિત્રો છીએ. વરસાદમાં ક્યારેક તેની નમી ગયેલી ડાળીઓનું મહાનગરપાલિકા દ્વારા ટ્રીમિંગ કરવામાં આવે ત્યારે મને મારા શરીર પર ઉઝરડા પડતા હોય તેવું અનુભવાય છે. આ પ્રકારનો અનુભવ ક્યારેય તમે અનુભવ્યો છે ? સાંભળ્યો છે ? જરા અજુગતો બનાવ છે, કેમ!!

કે પછી ક્યારેય એવું કોઈએ કહ્યું કે હું જ્યારે મારા મામાના ઘરે જ્યારે વેકેશનમાં જતો ત્યારે તે વેકેશનનો મારો સાથીદાર પેલો ડુંગરો અમારો ખાસ દોસ્ત છે. કોણ જાણે કેટલાય વેકેશન મેં અને તે ડુંગરાઓ સાથે વિતાવ્યા છે. જ્યારે એક વેકેશનમાં હું ત્યાં ગયો અને જોયું તો ત્યાં એક ત્રણ માળિયા ફ્લેટ બની ગયા હતા. જ્યાં મારું અને મારા મિત્ર ડુંગરાનું બાળપણ વિત્યું હતું, તે મારો દોસ્ત ડુંગરો કોંક્રિટના ભાર હેઠળ દબાઈ ગયો હતો. મને તે દિવસે જમવાનું નહોતું ભાવ્યું.

મારા બાળપણનું સાથી તો મારા સેક્ટરનું નાનકડું તળાવ કે જેના કીનારે હું અને મારો મિત્ર ૨૫ પૈસાની પાનપસંદ પીપરમીન્ટ ખાતા ખાતા દુનિયાભરની વાતો કરતા અને તળાવમાં કાંકરા મારતા મારતા કોની ટપ્પી પાણી પર વધુ પડે છે તેની શરત લગાવતા. મારો દોસ્ત તો અમારા ઘરની પાછળનો બાવળના કાંટાળા વૃક્ષો સાથેનો રેલવે ટ્રેક છે કે જ્યાં બેસીને અને તેના પાટા પર ચાલવાના પ્રયત્નો કરીને છેક રેલવે સ્ટેશન સુધી પહોંચી જતા. તેની આસપાસના કપચા કાળા મોટા પથ્થર એકબીજા સાથે ભટકાડતા અને માલવાહક ટ્રેન ગોકળગાય ગતિએ પસાર થતી તેના ડબ્બા ગણીને ગણિત પાકું કરતા.

મારું દોસ્ત તો મારા દાદાના ઘરની પાછળ આવેલી પાણીની ટાંકીની બાજુમાં આવેલું એક કરંજનું ઝાડ છે. જેની પર આખી બપોરની બપોર બેસીને અમે અંતાક્ષરી રમતા. થપ્પો રમતી વખતે સંતાવવાની કે આઈસપાઈસ રમતી વખતે શર્ટ બદલીને માટલી ચિરાણીનો દાવ અજમાવવાનો અડ્ડો હતું એ કરંજનું ઝાડ.

મારો ખાસ મિત્ર તો સરિતાઉદ્યાનની પાછળ કોતરોમાં ઈન્દ્રોડા ગામની સીમમાં આવેલો પેલો જર્જરીત કિલ્લો હતો. જેના કાંગરા પર બેસીને અમે દોસ્તો સાબરમતીના વિશાળ પટને જોતા હતા. અને હા (યાદ રાખજો આ પરાક્રમ કર્યાનો સમયગાળો ૧૯૯૫ની આસપાસનો છે. અને ત્યારે અમને મિત્રોને જરાય ખબર નહોતી કે આ કોતરોની આડશની પાછળ છુપાઈને કોઈ દિગ્દર્શક તેની આવનારી ફિલ્મ ’દિલ ચાહતા હૈ’નું એક દશ્ય વિચારી લેશે અને ઈ.સ. ૨૦૦૦માં આવનારી ફિલ્મમાં ગોવાના એવા જ કિલ્લાના કાંગરાઓ ઉપર આમિરખાન, અક્ષય ખન્ના અને સૈફ અલી ખાનને ઊભા રાખીને સંવાદ બોલાવશે.)

તમને થતું હશે કે શું છે ? આજે આવી વાતોએ કેમ ચડી ગયો છું ? આવો વિચાર આજે મને આવ્યો કારણકે હું એ ડુંગરાઓ, તળાવ, ગરમાળાનું ઝાડ કે પછી કિલ્લાના કાંગરાઓ મારા પુત્ર અને પુત્રીને વસિયતમાં આવી જ મિત્રતાની વિરાસત આપવા માગું છું. જેથી એ ભવિષ્યના નાગરિક મારા પુત્ર કે પુત્રી નદી, પર્વત, ઝાડ, પથ્થર, રેતી, તળાવ આ બધાને કોઈ જડ પદાર્થ નહીં પરંતુ ચેતનતત્વ જ સમજે. પોતાના દોસ્ત જ માને.

જે ગરમાળા સાથેની મારી મિત્રતા હતી તેવી જ મિત્રતા હું મારા સંતાનની કરાવી દેવા માગું છું. આવનારી પેઢીને આપણે સમજાવવું પડશે કે પ્રકૃતિ સાથે મિત્રવત કે આત્મવત ભાવ રાખીને જીવનયાપન કરવાથી જ સર્વ ઉન્નતિ છે. આપણે મિત્રતાની વ્યાખ્યાને આટલી સીમિત કેમ કરી દીધી હશે કે મિત્રતા થાય તો માત્ર મનુષ્યની મનુષ્ય જોડે જ થાય વાસ્તવમાં પ્રકૃતિના દરેક તત્વોને ભાઈબંધ બનાવવાની આવશ્યકતા છે. હાથી મેરે સાથી અને તેરી મહેરબાનીયા ફિલ્મોથી હાથી અને શ્વાનની મૈત્રીની વાતો બોલીવુડ દ્વારા કરવામાં આવી છે. તે ઉત્તમ રીતે રજૂ કરાઈ છે. પ્રાણી માત્ર માટે બંધુભાવ રાખવાનો દષ્ટિકોણ રાખવો જ પડશે.

પ્રકૃતિના મિત્ર બનીશું તો તેનો ઉપભોગ કરવાની દુર્ભાવનાનો આપોઆપ ક્ષય થતો જશે. સંવેદના અને આત્મીયતાનો ભાવ વૃક્ષો, પર્વતો અને નદીઓ સાથે આપણે જોડવો જ રહ્યો.

॥ સર્વાઃ આશાઃ મમ મિત્રમ ભવન્તુ ॥

બધી જ દિશાઓ મારી મિત્ર બની રહો. આપણે ત્યાં એક છોડને ફ્રેન્ડશીપબેલ્ટ બાંધીને તેની સાથે મિત્રતા કેળવવાનું ક્યારે શીખવાશે ? ફ્રેન્ડશીપ મેસેજ માત્ર મોબાઈલમાં ફોરવર્ડ ન કરતા ખળખળ વહેતા ઝરણાના કલશોરની ભાષા સમજીને તેને પ્રત્યુત્તર પાઠવવાના પાઠ આપણે સંતાનોને ક્યારે શીખવશું ? હમણાં ઓગસ્ટ મહિનામાં જ કિશોરકુમારનો જન્મદિવસ પણ ગયો. તેમની માટે એવું કહેવાતું કે તેઓ તેમના બગીચાના ફૂલ છોડ સાથે વાતો કરતા અને એવું માનતા કે મનુષ્ય કરતાં તો ફુલછોડ આપણને વધુ વફાદાર હોય છે.

પ્રકૃતિને આપણી મિત્ર બનાવવાની વાત તો આપણી સંસ્કૃતિમાં વેદોમાં કહેવાઈ ચૂકી છે. આશા રાખીએ કે આવતા વર્ષે આપણા વર્તમાનપત્રોની હેડલાઈન હોય કે નગરજનોએ વૃક્ષને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધીને અને ગાય સાથે સેલ્ફી લઈને facebook કે ઈન્સ્ટાગ્રામ પર અપડેટ કરીને મૂક્યું છે કે : “નેચર માય ફ્રેન્ડ ફોરેવર.” ( આપને જણાવતા લીલોછમ આનંદ થાય છે કે, વૃક્ષને ફ્રેન્ડશીપ-બેલ્ટ બાંધવાની આ અજોડ આદત મેં મારા પોરિયાવને પાડી દીધી છે. )

- jayuoza@gmail.com,
Mo.9898046488

# સંગીતના શરણે જઈએ, એક ચિત્તે સાંભળીએ ત્યારે પ્રસન્નતાના દીવડા પ્રગટે છે



અજવાળું - અજવાળું
તુષાર જોશી

‘ડેડી, અમને તો એવું જ લાગ્યું જાણે તમારા જમાનાની કોઈ ફિલ્મ અમે જોઈને આવ્યા....’

‘આખીયે ફિલ્મ મ્યુઝિકલ ફિલ્મ હોય એવું જ લાગ્યું...’

બહેનપણીઓ સાથે ફિલ્મ જોઈને આવેલી દીકરી કહેતી હતી. એટલે પૂછ્યું કે ગીતો કેવા લાગ્યા ? તો કહે બધાં જ જોરદાર !!...

વાત છે મસ્ટીસ્ટારર ફિલ્મ ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની...’ની કરણ જોહરની આ ફિલ્મ અમે પણ દોસ્તો સાથે રીલીઝના પહેલા જ દિવસે જોઈ હતી. આમ જ થયું, કે લાંબા સમયથી કોઈ મુવી જોઈ નથી જોઈ અવ્યા અને મને મુવી જોઈને નિરાશ પણ ન થયા.

ના, કયાંયે વાચકને એવું ના લાગે કે પિલ્મના વખાણ ખરવા લેખ લખ્યો છે, એવું કરવાનો ઈરાદો પણ નથી અને એવું કરું તો કોઈ ફાયદો પણ મને થવાનો નથી, પરંતુ આ નિમિત્તે અહીં વાત કરવી છે સિનેમા સંગીતની, જેને કારણે અમને અને મોટા ભાગના લોકોને આ ફિલ્મ ગમી છે. હિન્દી ભાષાની આ રોમેન્ટીંગ,કોમેડી, ફેમીલી ડ્રામા ફિલ્મમાં ‘પ્રીતમ ચક્રવર્તી’ એ સંગીત આપ્યું છે. ૧૬૮ મીનિટની આ ફિલ્મ દર્શકને લાંબી નથી લાગતી એના અનેક કારણો હોઈ શકે, જેમાં એક કારણ એમાં આવતા ગીતો છે. આ ગીતો દાયકાઓ જુની ફિલ્મમાં રજુ થયેલા છે. ગવાયા છે. શ્રોતા - દર્શકને હૈયે સચવાયા છે અને અહીં રીક્રીએટ થયા છે. એક અર્થમાં હિન્દી ફિલ્મના સુવર્ણકાળ મનાતા દાયકાઓના ગીત-સંગીતનું મીઠું સ્મરણ અહીં રજુ થયું છે.

ફિલ્મ ‘હમદોનોં’નું આશા ભોંસલે અને મોહંમદ રફી દ્વારા ગવાયેલું, સાહિર લુધીયાન્વી એ લખેલું અને જયદેવે સ્વરબદ્ધ કરેલું અભીના જાઓ છોડકર.... ગીત ધર્મેન્દ્ર અને શબાના આઝમીની ફિલ્મના દશ્યોની લાગણી સાથે ફિલ્મમાં ગવાયા કરે છે. તો ફિલ્મ ‘મેરા સાયા’ માટે આશાજીએ ગાયેલું, રાજા મહેંદી અલીખાને લખેલું, મદન મોહને સ્વરબદ્ધ કરેલું ઝુમકા ગીરા રે.... ગીત અહીં ગીતકાર અમિતાભ ભટ્ટાચાર્યે વ્હોટ ઝુમકા રૂપે રજુ કર્યું છે.

આવું કાંઈ પહેલીવાર નથી થયું, જુની હિન્દી ફિલ્મોના અનેક ગીતો લોકોને, એના મૂળ સર્જકનો કયારેક ગમ્યા છે, કયારેક નથી ગમ્યા.... પણ અહીં આ મુદ્દી વાત પણ નથી કરવી.... બસ સ્મરણ કરવું છે. હિનદી સિનેમાના એ મધુર ગીતોના સર્જનકાળનું એન એના સર્જકોનું.

એ ગીતો જયારે જયારે લાઈન શોમાં ગવાય છે, ટીવી ચેનલોના રિયાલીટી શોમાં ગવાય છે ત્યારે શ્રોતા - દર્શકો એ ગીતના શબ્દના ભાવ સાથે, એના સંગીત સાથે જાણે એકાકાર થઈ જાય છે. કયારેક પ્રયત્ન નથી કરવો પડયો, બિલકુલ સહજપણે આ ગીત આપણે આજે આટલા વર્ષો પછી પણ ઉલ્લાસથી કે વેદનાથી ગાઈ શકીએ છીએ.

આ ગીતો એના સાંભળનારાઓને સ્મૃતિ સાથે જોડે છે, પ્રેમ સાથે જોડે છે, અનુભૂતિ સાથે અને અનેક પાત્રો-ઘટનાઓ સાથે જોડે છે. ગીતો હંમેશા આપણને વીતેલા સમય સાથે એકતંતુથી જોડે છે.

હિન્દી સિનેમા સંગીતમાં ૧૯૫૦ થી ૧૯૭૦નો સમયગાળો સુવર્ણયુગ સમાન ગણાય છે. આ સમયમાં જે સંગીત સર્જન થયું છે એ આજે પાંચ- છ દાયકા પછી પણ એટલું જ તાજું - જીવંત લાગે છે અને એટલે નવી પેઢીને પણ એ આકર્ષે છે, જયારે જયારે આ ગીતો સાંભળીએ ત્યારે ત્યારે હર્ષના કે વિરહના આંસુ આંખમાં આવે છે, કયારેક આપણે નાચી ઊઠીએ છીએ, કયારેક પ્રિયજનને વહાલથી વળગી જઈએ છીએ તો કયારેક બસ, માત્ર સાંભળીને ફરી ફરી સાંભળ્યા જ કરીએ એવું અનુભવીએ છીએ.

આ ક્ષણે અહીં લેખ વાંચતા વાંચતા અટકીને તમે કદાચ આવા ગીતો યાદ કરો તો કોઈ પ્રયાસ વિના પણ આઠ-દસ ગીતો તમને યાદ આવી જશે અને પછી પુરા દિવસ દરમિયાન આ ગીતો આપણા ચિત્તમાં - હોઠ પર ગુંજતા રહેશે.

હિન્દી સિનેમા સંગીતે, એના સર્જકોએ આપણને અમૂલ્ય ધરોહર રૂપી સંગીત વિરાસતમાં આપ્યું છે. એ સંગીતના શરણે જઈએ, એક ચિત્તે સાંભળીએ ત્યારે પ્રસન્નતાના દીવડા પ્રગટે છે અને અજવાળા રેલાય છે.